# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૩ • તા.૯ જુલાઈથી ૧૫ જુલાઈ ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## માદરે વતન કચ્છમાં
## મેઘરાજાની સર્વત્ર મહેરથી
## લોકોને રાજીપો





DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ઉંમર વધે એની સાથે ઉત્સાહ વધવો જોઈએ

બાળપણ નિર્દોષ, યુવાની મસ્તી ભરી મોજીલી હોય તો વૃદ્ધાવસ્થા પરવશ, લાચાર, એકાકી જેવી કેમ હોય છે! આમાં કોઈપણ રીતે વૃદ્ધ વડીલોનો મુખ્ય ફાળો છે. વરિષ્ઠ નાગરિકો પોતાનું જીવન તેજસ્વી રાખવું જોઈએ. તેને બદલે વિચારોના વમળમાં અટવાઈ, ઘર પરિવારની સમસ્યાઓથી ઘેરાઈ નિસ્તેજ થઈ જીવન પસાર કરે છે. પાછલી જિંદગી એવી રીતે જીવવી જોઈએ કે દરેક આપણાથી પ્રેરિત થઈ જાય. આપણું જીવન ધ્યેય અન્ય માટે ઉદાહરણ રૂપ બની જાય. પસાર થતો દરેક સમય ઉત્સાહ અને ઉમંગથી તરબતર હોવો જોઈએ. જીવનના સાઠ દાયકા પોતાના સિવાયના઼ ઓ માટે જીવવ્યા પણ હવે પછીની આવરદા પોતાના માટે જીવીએ. જીવનની દરેક પળ અમૂલ્ય છે. દુનિયાની બધી કળાઓમાં જિંદગી કેવી રીતે જીવવી એ પણ એક કળા છે. એ રીતે જીવન જીવવાની કળા જેને આવડી ગઈ એને જીવનના દરેક તબક્કે જિંદગી માણવા લાયક લાગશે.

વ્યવસાય કે નોકરીમાંથી નિવૃત થનાર પ્રૌઢાવસ્થ વ્યક્તિ ભવિષ્ય માટે ચિંતિત હોય છે. પોતાના સ્વાસ્થ્ય માટે કાળજી ધરાવનાર હોય છે. વૃદ્ધાવસ્થા એટલે વળતાં પાણી એવું માની નિરાશા લાગણી ધરાવવી ન જોઈએ. નિવૃત્તિ બાદ એકાકી પણાની લાગણી અનુભવાય. અગાઉ જેટલું વ્યસ્ત જીવન હતું તેનો અભાવ થઈ સમય કેમ પસાર કરવો એવી વિમાસણ થાય પણ પદ્ધતિસર સમયપત્રક બનાવી નિયમિત દરેક કાર્યને જાળવી કરાય તો કોઈ માનસિક કે શારીરિક સમસ્યા ન સર્જાય. પોતાના માટે, પ્રભુ માટે અને પરજનો માટે કાર્ય થાય એનો આનંદ અને સંતોષ અલગ હોય છે. પ્રૌઢાવસ્થાનું પણ એક આગવું સૌંદર્ય હોય છે. તે કેમ નિખરે એ આપણા હાથની વાત છે. બાળકોને પ્રેમ હેત ને વહાલ આપવું. યુવાનાનું માર્ગદર્શન કરવું અને સમોવડિયાઓની સાથે મૈત્રી રાખી જીવન આનંદિત કરી શકાય અને એથી પ્રફુલ્લિત થઈ શકાય છે.

આ અવસ્થા એક પાકેલાં ફળ જેવી છે. જેને જતનથી જાળવવી જોઈએ. હળવા હાથની માવજત રાખવી જોઈએ. આ ઉંમરમાં શરીરના સ્વાસ્થ્યને જાળવી રાખવું ખૂબ જ જરૂર બની જતું હોય છે. એટલે એની જાળવણી યુવાવસ્થાથી જાળવવી જોઈએ. આ સ્વાસ્થ્ય સજાગતા જો વર્ષો અગાઉથી રાખી હોય તો એ આ ઉંમરે એ સરળતાથી જળવાઈ રહે છે. પહેલું સુખ જાતે નર્યા એ તંદુરસ્તી જાળવણીનો જો સુખ આ ઉંમરે મળે તો ઉત્સાહ આનંદમાં કોઈ ઓટ આવતી નથી. નવું જાણવાની, નવું શીખવાની ધગશ આ ઉંમરે રાખવી જોઈએ જેથી નાવિન્ય જ્ઞાન પામવાની ઉત્કંઠા જીવનનો આનંદ બની શકે. નવું શીખવાના શોખથી ઉત્સાહમાં વધારો થાય છે. જીવન જીવવાનું ઝનૂન જાગે છે. જેનાથી કોઈ નેગેવિટી વિચાર આયુના દિવસો ભલે ઓટ ભણી વહેતાં હોય પણ ઉત્સાહની ભરતી સતત ઉરમાં આ અવસ્થામાં પણ રહેવી જોઈએ.

– જય જ્ઞાતિમૈયા

# વાણીનો વૈભવ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

માણસ જેવું વિચારે છે, એવું બોલી શકતો નથી. જેવું બોલે છે તેવું તે આચરણ કરી શકતો નથી. આમ વિચારવું, બોલવું અને આચરણ એ ત્રણેમાં ઘણો ફરક છે. ઘણા ઉતાવળીયા અને અવિચારી વ્યક્તિઓ વિચારતા નથી અને ગમે ત્યાં મનનો ઊભરો ઠાલવી નાખે છે. જેઓ વગર વિચાર્યે જેમ તેમ બોલી નાખે છે તેમને પસ્તાવાનો વારો આવે છે. જીવનમાં બોલવું આસાન છે પરંતુ કરવું, મુશ્કેલ છે. માત્ર વાતોના વડા કરવાથી કશું વળતું નથી. કોઈનો પ્રશ્ન હોય તેને સમજીએ કે ન સમજીએ પરંતુ બોલી નાંખવું એ આજના યુગનો ધર્મ બની ગયો છે.

લોકો એકબીજાને શિખામણ આપે છે. પરંતુ બીજાને અપાયેલી શિખામણ પોતે જીવનમાં ઉતારતા નથી. આપણે મોટા ભાગે જોઈએ છીએ કે લોકોના હાથ કરતાં જીભ વધુ ચાલે છે. જે માણસ ખરેખર કામ કરે છે તેને બોલવાની જરૂરત રહેતી નથી. પરંતુ જે લોકો કામ કરતા નથી કે કામ કર્યાનો દેખાડો કરવો છે તેઓ ધમ પછાડા કરે છે. તેઓ કામ ઓછું કરે છે અને ઢોલ નગારા વધુ પીટે છે.

બોલવું એટલે સારું, સુચારૂ અને સુસ્પષ્ટ બોલવું એ કળા છે. આવેશમાં કે ઉતાવળ કરી વગર વિચારે, સમય અને સ્થળનો વિચાર કર્યા વગર ગમે તેવું બોલી નાખનારને કટુવાણીના પ્રવાહથી વિંધી નાંખનારના શબ્દોના ઘા લાંબા સમય સુધી રૂઝાતા નથી. વાણીનો પ્રવાહ સંબંધોને જોડે છે અને તોડે પણ છે. બીજાઓ સાથે વ્યવહાર કરતાં વાણીનો સંયમપૂર્વક વપરાશ કરવો જોઈએ. સામે વાળાનું દિલ ઘવાય, તેની અવહેલના થાય સ્વમાનને ધક્કો પહોંચે એવો વાણી પ્રવાહને રોકવું જરૂરી છે. વિવેકપૂર્ણ બોલવું જોઈએ, વિચારીને બોલવું જોઈએ. દરેક શબ્દો તીર જેવા હોય છે અને એટલા જ અણિયાળા હોય છે. મુખથી છૂટતા શબ્દો તીર જેમ જ એક વખત છૂટ્યા પછી પાછા વાળી શકાતા નથી.

કોઈ જ્ઞાની પુરૂષએ ખરું કહ્યું છે કે માનવ શરીરના બે અંગ એવા છે જે તેને માનવ કાં દાનવ બનાવે છે. એ બે અંગો છે જીભ અને હૃદય. જે માનવીને કાં તો ઉચ્ચ સ્થાને પહોંચાડે છે કાં તો અધમ અવસ્થાએ પહોંચાડે છે. જીભના ગુણમાં મીઠાશ છે તો અવગુણમાં કડવાશ છે. તેવી જ રીતે હૃદયમાં પ્રેમને ભલાઈ છે તો વિરૂધ્ધમાં બુરાઈને પાપ પણ વસેલ છે. ભાષા આપણી સંસ્કૃતિનો શણગાર વૈભવ છે તો એનો વપરાશ કરનાર તેનો શિખર છે. સારું, પ્રમાણસર અને સૌને ગમતું બોલવું એ આપણા સંસ્કાર છે. માટે જ વાણી એ વૈભવ છે. તેનું જતન અને જાળવણીપૂર્વક ઉપયોગ કરવો જોઈએ.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# માદરે વતન કચ્છમાં મેઘરાજાની સર્વત્ર મહેરથી લોકોને રાજીપો

કચ્છી નવ વરસ અષાઢી બીજના આગમન સાથે માદરે વતન કચ્છમાં મેઘરાજાની મહેર વરસી છે જેને લીધે લોકોને રાજીપો થયો છે. નખત્રાણા, અબડાસા, લખપત, માંડવીની સાથોસાથ ભુજ, અંજાર, ગાંધીધામ અને ભચાઉ તથા રાપરમાં પણ ચોમાસાએ પોતાની હાજરી પૂરાવી છે. સુથરી, કોઠારા, નલિયા, તેરા, જખૌ, સાંધાણ જેવા દશાઈ વસતીના ગામોમાં મેઘરાજાએ હેત વરસાવી સચરાચર મહેરથી ભીંજવી દીધા છે. અબડાસા તાલુકાનો મીઠી ડેમ ઓગની જતાં આ વિસ્તારની સિંચાઈને મોટી રાહત પહોંચી છે. એવી માહિતી પ્રબોધ મુનવર દ્વારા જણાવવામાં આવી છે.





**શનિવાર, તા.૯ જુલાઈ સાંજે ૬ વાગ્યા સુધી વરસેલ વરસાદની વિગત નીચે મુજબ છે.**

કોઠારા ૧૧ ઈંચ ૩ તળાવ ઓગન્યા,
નલિયા ૭ ઈંચ તળાવોમાં નવું પાણી આવ્યું,
તેરા ૯ ઇંચ ૩ તળાવ ઓગન્યા,
સુથરી ૯ ઈંચ બને તળાવ ઓગન્યા,
જખૌ ૮ ઈંચ તળાવોમાં નવા પાણી આવ્યા,
સાંધાણ ૧૧ ઈંચ તળાવો ઓગની ગયાં






## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# વિવિધ સંઘોમાં ચાતુર્માસ મંગળ પ્રવેશ ભવ્યતાથી થયો

## માંડવી નગર સંઘમાં પ.પૂ.ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થયા



કચ્છના રમણીય બંદરીય શહેર માંડવી નગરના સંઘમાં પ.પૂ.ગણિવર્યશ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૧૦નો ભવ્યાતિભવ્ય અતિ ઉત્સાહ સાથે ચાતુર્માસ મંગળ પ્રવેશ થયો.





## આદિપુર નગરે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪નો વરસતા વરસાદમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો

પૂર્વ કચ્છ વિભાગના આદિપુર નગરે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો વરસતા વરસાદમાં અને સામૈયામાં ઉપસ્થિત ભાવિકજનોમાં ઉછળતી સાનંદ ઉત્સાહની લહેરો વચ્ચે ચાતુર્માસ મંગળ પ્રવેશ તા.૮ જુલાઈ શુક્રવારના સવારે ૮.૩૦ કલાકે થયો. શ્રી રત્નદેવ આદિનાથની શીતલછાયામાં ચાતુર્માસાર્થે પધારનાર ગુરૂ ભગવંતો પ.પૂ. સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. પ.પૂ. સાધ્વીશ્રી કૃતાર્થગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી મહાવ્રતગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪.

ચાતુર્માસના લાભાર્થી પરિવારો માતુશ્રી રતનબાઈ ખીમજી ચત્રભુજ લાલકા પરિવાર વારાપધ્ધર, આદિપુર તથા માતુશ્રી કાન્તાબાઈ આણંદજી હીરજી ખોના પરિવાર સાંધવ-ગાંધીધામ.







# દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ત્રિહાન્હિકા તત્વત્રયી મહોત્સવ

સાધના સમ્રાટ પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.નો ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ તા.૧૧ જુલાઈ સોમવાર સવારે ૬ કલાકે સર્વોદય ગુરૂ દરબાર, સેન્ટ્રલ પ્લાઝા, સિનેમા હોલ, ગિરગામ ચર્ચની સામે, આર.આર.રોય માર્ગ, ગિરગામ, મુંબઈ-૪ મધ્યે થશે. આ અવસર પર શ્રી દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘ તથા શ્રી રાજસ્થાન અચલગચ્છ જૈન સંઘ મુંબઈ દ્વારા સકલ સંઘ ગુરૂભક્ત પરિવારો, સહિત સર્વે મહાનુભાવોને પધારવાનું હર્ષોલ્લાસ સાથે હાર્દિક આમંત્રણ છે.

ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ત્રિહાન્હિકા તત્વયત્રી મહોત્સવ તા.૧૧ જુલાઈ સોમવારથી તા.૧૩ જુલાઈ બુધવાર સુધીનું આયોજન કરાયું છે. પ્રથમ દિવસે અષાઢ સુદ ૧૩ તા.૧૧ જુલાઈના સવારે ૬ કલાકે પૂજ્ય ગુરૂ ભક્તોનો મંગલ પ્રવેશોત્સવ કાર્યક્રમ સંઘમાતા માતુશ્રી લીલાવંતીબેન શામજી પાસુ વીરાના નિવાસ સ્થાનેથી ગોવર્ધન બિલ્ડીંગ, નાઝ કમ્પાઉન્ડ, ગિરગામ કોર્ટની પાછળ, પ્રાર્થના સમાજ, ગીરગામથી શોભાયાત્રા સવારે ૭ થી ૯.૩૦ પ્રવેશોત્સવ કાર્યક્રમ. સવારે ૯.૩૦ કલાકે સકળ સંઘ માટે નવકારશી સાથે સોનામાં સુગંધ ભળે એવો કાર્યક્રમ પ.પૂ.ઉપાધ્યાયશ્રી પૂર્ણ ભદ્રસાગરજી મ.સા.ના તેજસ્વી કલમ લિખિત ૯-૯ પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ આ જ દિવસે થશે.

દ્વિતીય દિવસ મંગળવાર તા.૧૨ જુલાઈ સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ શનિગ્રહાધિપતિ શ્રીમુનિસુવ્રત સ્વામી ભગવાનની ભવ્ય રથયાત્રા અને પાવન પ્રતિષ્ઠા, શ્રી મુનિસુવ્રત સ્વામીની ચલ પ્રતિષ્ઠાના લાભાર્થી શ્રીમતી પ્રેમિલાબેન ભવાનજી ગડા-ભોજાય-માટુંગા.

તૃતીય દિવસ બુધવાર, તા.૧૩ જુલાઈ ગુરૂપૂર્ણિમાના શુભ અવસરે સવારે ૭ થી ૯.૩૦ સુધી શ્રી સદ્ગુરૂ સમર્પણનો ઉત્સવ જેમાં ગુરૂતત્વનો મહિમા દર્શાવતો કાર્યક્રમ.

તા.૧૪ જુલાઈથી તા.૨૨ ઓગસ્ટ સુધી પ્રતિ રાત્રી ૯ થી ૧૦ સુધી ૪૦ દિવસની રાત્રિ કાલિન યુવા પ્રવચન માળા વિવિધ વિષય ઉપર જેમાં સૌને કંઈ નવું, જાણવા, માણવા મળશે.

તા.૧૭ જુલાઈથી તા.૨૧ ઓગસ્ટ સુધી દર રવિવારે સવારે ૯ થી ૧૧ સમયે શિબિરમાં ધર્મજ્ઞાન વિષયની સન્ડે સ્પેશિયલ શિબિર ચાતુર્માસના મુખ્ય લાભાર્થી સંઘમાતા માતુશ્રી લીલાવંતીબેન શામજી પાસુ વીરા પરિવાર મોટા લાયજા, ચાર મહિનાની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી દેવજી સાવલા પરિવાર, તલવાણા-તિરૂપતિ, સર્વોદય ગુરૂ દરબાર પ્રવચન હોલના લાભાર્થી સંઘમાતા શ્રીમતી પ્રભાબેન ભોગીલાલ રાંભિયા પરિવાર રામાણિયા-બ્રીચકેન્ડી હા.કૌશિક, શિલ્પા, સેજલ.

શ્રી સંઘ દ્વારા સંઘમાં સમગ્ર ચાતુર્માસ દરમ્યાન આ મુજબ વિશિષ્ટ બહુમાન થશે.

● સમગ્ર મુંબઈ અચલગચ્છ સંઘોના વર્તમાન પ્રમુખ તેમજ ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓનો ભવ્ય બહુમાન.

● સમગ્ર મુંબઈના વર્ધમાન તપના ૫૦ થી વધુ ઓળી કરનાર અચલગચ્છીય તમામ શ્રાવક શ્રાવિકાઓનો વાલા ભગવાનના ઘર દેરાસર હોય એવા તમામ ભક્તિવંતો પરિવારોનો ભાવપૂર્વક બહુમાન.

● સમગ્ર મુંબઈના અચલગચ્છીય પરિવારમાં ૫૫ વર્ષથી નાની ઉંમરના સજોડે વર્ષીતપ કરનારા યુવા દંપતિઓનું બહુમાન કરાશે. ● સર્વોદય સેવા એવોર્ડ ૨૦૨૨ અંતર્ગત ભારતભરના અતિ વિશિષ્ટ મહાનુભાવોનો રજવાડી બહુમાન ● અચલગચ્છીય સાધુ સાધ્વીજી ભગવંતોના રત્નકુક્ષી માતા-પિતાનો ભવ્ય બહુમાન ● સમગ્ર મુંબઈના અચલગચ્છીય પાઠશાળામાં ભણતા બાળક બાલિકાઓનો વિશિષ્ટ બહુમાન ● જન્મે અજૈન પરંતુ કર્મે સવાયા જૈન હોય એવા જિનશાસનથી જોડાયેલાઓનો વિશિષ્ટ બહુમાન ● સમસ્ત મુંબઈના અચલગચ્છીય વિહાર ગ્રુપથી જોડાયેલા સેવાભાવથી સમર્પિત સેવકોનો બહુમાન.


જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી કે.ડી.ઓ.જૈન સંઘ વડોદરાના આંગણે પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.નું ચાતુર્માસ પ્રવેશ ભવ્યતાથી થયો.

# પાલીતાણા મહાતીર્થે અચલગચ્છાધિપતિ કચ્છી ભવનના આંગણે પધાર્યા




તા.૯ જુલાઈ શનિવાર રોજે પાલીતાણા મહાતીર્થમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. ચાતુર્માસ પ્રવેશના સામૈયા અગાઉ કચ્છી ભવનના આંગણે પધારેલ. અત્રે ક.વી.ઓ.દેરાવાસી જૈન મહાજનના ચેરમેન હરખચંદભાઈ ગંગર, સમાજ શિરોમણિ રવિલાલભાઈ સંગોઈ તથા અન્ય મહાનુભાવોએ પૂજ્ય સાહેબને આવકારીને આશીર્વાદ લીધા હતા.

# ભુજ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા.નો ચાર્તુમાસ પ્રવેશ થયો




શ્રી અચલગચ્છ જૈન સંઘ ભુજમાં પ.પૂ.સાધ્વીશ્રી વિરાગગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩નો ચાર્તુમાસ પ્રવેશ થયો. હાલમાં સમગ્ર કચ્છ પ્રદેશમાં વરસાદની મહેર વરસી રહી છે. આખી રાતથી વરસાદ વરસી રહ્યો હતો. પણ પ્રવેશના મુહૂર્ત ટાણે અવસર સુખરૂપ અને આનંદ ઉત્સાહથી વાજતે ગાજતે પાર પડે, કોઈના હરખ આનંદમાં ઓટ ન આવે એમ એ સમય પૂરતો બંધ થઈ ગયો હતો. આમ સામૈયું અને સ્વાગત વરઘોડો અઢળક ભાવથી થયો હતો. જેનો આનંદ સંઘના શ્રાવક શ્રાવિકોઓના હૈયે હતો.

# અમદાવાદ સંઘમાં પ.પૂ.સાધ્વી ભગવંતોની ચાર્તુમાસાર્થે પધરામણી સાથે પ્રવેશ થયો




શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદમાં પ.પૂ.સાધ્વીશ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫નો ચાતુર્માસ પ્રવેશ તા.૮ જુલાઈ શુક્રવારના વાજતે ગાજતે થયો. સંઘની શ્રાવિકા બહેનો સુશોભિત કળશ શિરે ધરી વિવિધ પ્રકારની ગહુલી રચી પૂજ્ય સાહેબને આવકાર આપ્યો હતો. આગામી સમયે ધર્મ, ધ્યાન, તપ, ભક્તિ સાથે અદ્‌ભૂત લહાવો મળશે અને જીવનનું કલ્યાણ પથ પ્રાપ્ત થશે એવી ભાવના સૌને હૈયે રહી હતી.

# સુથરી તીર્થે પ.પૂ.મુનિશ્રી મુક્તિરત્નસાગરજી મ.સા.નો ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો




વરસાદની અમી હેલી અને ઉપસ્થિત સૌની ઉછળતી હૈયા લહેરો વચ્ચે કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સુથરી તીર્થે પ.પૂ.મુનિશ્રી મુક્તિરતનસાગરજી મ.સા.નો ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો.

# ગોરેગામ સંઘમાં પ.પૂ.મુનિરાજશ્રી આગમોદયસાગરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





તા.૭ જુલાઈ ગુરૂવાર રોજ શ્રી ગોરેગામ સંઘમાં પ.પૂ.મુનિરાજશ્રી આગમોદયસાગરજી મ.સા. આદિ ઠાણા ૨નો સંઘના શ્રાવક શ્રાવિકાઓ હૈયે અદ્‌ભૂત ઉછળતા ભાવ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો.

પરિસરમાં અચલગચ્છાધિપતિ રાષ્ટ્રસંત પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ચોકના ફલકને પુષ્પાંજલિ અર્પણ કરી પૂજ્ય સાહેબની હાજરી મહેસૂસ કરી હતી અને ભાવપૂર્વક નમન કર્યા હતા. વરસતા વરસાદમાં પણ મોટી સંખ્યામાં ભાવિકો સામૈયામાં જોડાયા હતા.

# પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ નો ખંડવા સંઘમાં અદ્‌ભૂત ભાવ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો





તા.૬ જુલાઈ બુધવાર રોજ મધ્યપ્રદેશ રાજ્યના ખંડવા નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨નો અદ્‌ભૂત ભાવ સાથે સંઘના શ્રાવક શ્રાવિકોના અંતરના આનંદ છોળો વચ્ચે ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘની શ્રાવિકા બહેનો એક સરખા કલર ડિઝાઈનની સાડી પરિધાન કરી, શ્રાવકો શિરે સાફા પહેરી ઘોડા પર અસવાર થઈને અને સૌ રાસ તાલથી ઝૂમતા નાચતા પોતાના ઉરની ઉર્મિ છલકાવી હતી. આગામી ચાર માસ ધર્મ, તપ અને આરાધના સાથે વ્યાખ્યાન વાણીનું શ્રવણ કરી પૂજ્ય સાહેબોનો દર્શન વંદન કરી જીવ કલ્યાણ થશે એવો હરખનો ભાવ સૌને હૈયે રહ્યો હતો.





# દેવલાલી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલ્લીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૯ના ચાતુર્માસ પ્રવેશ ઉમંગ ભાવથી થયો





તા.૪ જુલાઈ સોમવારના દિને મહારાષ્ટ્ર રાજ્યના નાસિક વિભાગના દેવભૂમિ એવા દેવલાલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલ્લીશ્રીજી મ.સા. આદિ ઠાણા ૯નો ઉમંગ ભાવથી વાજતે ગાજતે ભવ્યપણે ચાતુર્માસ પ્રવેશ થયો.

# નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં ઉત્સાહ-ઉમંગની સાથે પૂજ્ય સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ





તા.૭ જુલાઈ ગુરૂવારના વહેલી સવારનો સમય અઢળક વરસાદની વરસતી હેલી છતાં ગુરૂ ભક્તિના અનેરા ભાવ રાખી આનંદ ઉલ્હાસ સાથે બહુસંખ્ય ભાવિકજનોની ઉપસ્થિતમાં શ્રી નવી મુંબઈ અચલગચ્છ જૈન સંઘમાં પ.પૂ.સાધ્વી મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ થયો. દેરાસરના શણગાર, ગહુલી-બેડાવાળી બહેનો ઢોલીના તાલ પર ઝૂમતા નાચતા ભાવિકોના ઉત્સાહ સંઘના કાર્યક્રમમાં હાજર રહેનાર સૌની સંઘે અનુમોદના વ્યક્ત કરી હતી.

# ડુમરા નગરે શ્રી ચંદ્રપ્રભસ્વામીની શીતલછાયામાં સળંગ ૧૦૪મા ચાતુર્માસાર્થે સાધ્વી મહારાજ સાહેબનો પ્રવેશ





કચ્છ પ્રદેશના અબડાસા તાલુકાના ધર્મપ્રેમી નગરે ડુમરા મધે શ્રી ચંદ્રપ્રભસ્વામીની શીતલછાયામાં તા.૪ જુલાઈ સોમવારના દિને સળંગ ૧૦૪માં ચાતુર્માસ પર્વ પ્રસંગે પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાતુર્માસ પ્રવેશ થયો. પધારનાર સાધુ ભગવંતોમાં પ્રર્વતિની મુખ્યા સાધ્વી શ્રી પ.પૂ.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા માતૃહૃદયા પ.પૂ.સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા., ગૌ વિજ્ઞાની પ.પૂ.સાધ્વીશ્રી ડૉ.દેવરક્ષિતાશ્રીજી મ.સા., નૂતન દિક્ષિતા પ.પૂ.સાધ્વીશ્રી ધન્ય રક્ષિતાશ્રીજી મ.સા., નૂતન દિક્ષિતા પ.પૂ.સાધ્વીશ્રી કાર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪. પૂજ્ય સાધ્વી મહારાજ સાહેબોના સત્કાર સ્વાગત અર્થે સંઘના શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિત અદ્ભૂત અને અનેરી હતી. સંઘના શ્રાવિકાઓએ શિરે સુશોભિત કળશ અને વિવિધ તરેહની ગહુલી રચી આવકાર આપ્યો હતો. આગામી ચારમાસ ધર્મ, તપ, ધ્યાન અને વ્યાખ્યાન વાણીથી તરબોળ થવાનો લહાવો મળશે એવો ભાવ સૌને હતો.





## દિગ્રસ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ થયો





દિગ્રસ સંઘમાં તા.૪ જુલાઈ સોમવારના રોજે પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ થયો.

## ડોંબિવલી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫ નો ચાતુર્માસ પ્રવેશ





તા.૪ જુલાઈ સોમવારના રોજ મુંબઈ મેટ્રોરિજનમાં થાણા જિલ્લાના સ્માર્ટ સિટી કલ્યાણ ડોંબિવલી નગરના અને કચ્છીઓના મુખ્ય મથક એવા ડોંબિવલી નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૫નો વાજતે ગાજતે હર્ષોલ્લાસના માહોલ વચ્ચે ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. સૌના હૈયે આનંદના ભાવ અને પૂજ્ય સાહેબોની ભક્તિ કરવાના ભાવ રહ્યાં હતાં.





## ચોપડા સંઘમાં પ.પૂ.સાધ્વી શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાતુર્માસ પ્રવેશ થયો





સોમવાર, તા.૪ જુલાઈના દિને મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના જલગામ જિલ્લાના ચોપડા નગરે પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો અનેરા ઉત્સાહના માહોલમાં સામૈયા સાથે પ્રવેશ થયો.

# કચ્છના તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.નો ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો






તા.૨ જુલાઈ શનિવારના રોજ કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના ઐતિહાસિક તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી જયધર્માશ્રીજી મ.સા.નો હર્ષોલ્લાસના ભાવ સાથે ભવ્યતાથી ઢોલ નાદના તાલે ચાતુર્માસ પ્રવેશ થયો. પૂજ્ય સાહેબના પધરામણીથી સંઘના શ્રાવક શ્રાવિકાઓ મનમાં હરખ આનંદની લહેર ઉમટી હતી.

# પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સંસ્કાર નગરી સુરતમાં વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ થયો





ગુરૂ ગુણ કૃપા પાત્ર કચ્છ કોહિનૂર, મારવાડ રત્ન પ.પૂ. ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સંસ્કાર નગરી સુરતમાં તા.૧ જુલાઈ શુક્રવાર દિને ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે ભવ્ય ઉત્સાહભર્યા માહોલમાં ઐતિહાસિક રીતે શાનદાર રીતે થયો.









# વડોદરા સંઘમાં શાઈનિંગ પાઠશાળાના શિક્ષિકા બહેનોની બાળકોને કચ્છી રહેણી કરણી શીખવવાની અનોખી રીત






ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાની શાઈનિંગ પાઠશાળાના શિક્ષિકા બહેનો હેમલબેન અને રશ્મિબેનએ ઘણી સારી મહેનત કરીને પાઠશાળાના બાળકોને ખૂબ સરસ રીતે આપણા કચ્છની રીત રસમ અને રહેણી કરણીના જૂના સાધનો, ચીજ વસ્તુઓનો સંગ્રહ કરી પ્રેક્ટિકલ સમજાવવાની એક અનોખી અને કામયાબ કોશિષ કરી છે. જે વખાણવા લાયક છે. પાઠશાળાની બહેનોને સંઘએ અભિનંદન આપી અનુમોદના કરી હતી.







# શ્રી ક.દ.ઓ.મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ દ્વારા નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન કરાયા





શ્રી ક.દ.ઓ.જૈન સંઘ જલગામ અંતર્ગત શ્રી કદઓ મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ દ્વારા શ્રી નવકાર મહામંત્ર જાપ અનુષ્ઠાન યુવા વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાના સંગીતમય સંગે સાનંદ સંપન્ન થયા. ઉપસ્થિત સૌ ભાવિક ભાઈ બહેનો અદ્‌ભૂત ધર્મ લાભ પામ્યા હતા.

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સ્વ.મધુરીબેન રાયચંદ ધનજી છેડા

કચ્છ – નલિયા

અરિહંત શરણ :
તા. ૦૮-૦૭-૨૦૨૨

હાલે – વાપી

**વાણીમાં વાત્સલ્યતા, ધર્મમાં આસ્થા, દિલમાં ઉદારતા, પરોપકારીમાં પ્રભુતા અને જીવદયા પ્રેમી જેવા અલંકારોથી ઓપતું આપનું જીવન સદા યાદ બનીને દિલમાં બિરાજશે**



-: શ્રદ્ધા સુમન :-

**માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર, સુથરી-જુહુ**

**માતુશ્રી કલ્પનાબેન તરૂણ ધનજી ધરમશી પરિવાર, સુથરી-જુહુ**

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલિયા

પુત્ર - પુત્રી જન્મની ખુશાલી • જન્મ દિવસ • લગ્ન દિવસ • કોઈ ધાર્મિક પ્રસંગ • કોઈ સ્વર્ગવાસ ગમન • કોઈની પુણ્યતિથી • ભેટ



આપ પણ આપની લક્ષ્મીને સારા માર્ગે વાપરીને પુણ્ય ઉપાર્જન કરી શકો છો.
આપના શુભ - અશુભ પ્રસંગે દાન આપી શકો છો.

: સંપર્ક :
શ્રી જુગલ માણેકજી નાગડા - 9978002772
શ્રી લલીત કુંવરજી ખોના - 9920403950 • શ્રી રાજેશ લખમશી મોતા - 9913115130
શ્રી ચેતન લહેરચંદ નાગડા - 9820105078 • શ્રી જયંત શામજી મોતા - 9987786063
મેનેજર : શ્રી ભાવેશ પરેશ મૈશેરી (ફોન નં. ૦૨૮૩૧ ૨૨૨૩૩૭), ૭૩૫૯૭૭૧૯૪૯, ૯૭૧૨૦૭૧૯૪૯




# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ

## નલિયાનું જીવદયા ક્ષેત્રે અનન્ય કામ

હમણાં હમણાં સોશિયલ મીડિયામાં નલિયા પાંજરાપોળ ગૌશાળાનું નામ ચોમેર છવાયેલું છે. જાણવા મળ્યું છે તે મુજબ નલિયાના જીવદયા પ્રેમી કાર્યકર્તાઓએ આજથી બે વર્ષ પહેલાં એક સ્કીમ લોન્ચ કરી હતી. આપણા જીવનમાં આવતા દરેક સારા નરસા અવસરો જેવા કે જન્મદિવસ લગ્ન દિવસની વર્ષગાંઠ, પુણ્યતિથિ સંભારણાના દિવસો એ નલિયા પાંજરાપોળમાં યત્કિંચિત દાન લખાવવાની અપીલ કરી હતી.




આ અપીલને આપણા જૈન સમાજએ તો હોંશે હોંશે વધાવી લીધી પણ અન્ય સમાજોના લોકોએ પણ એટલી હોંશથી વધાવી. ટીપેટીપે સરોવર ભરાય એ ઉક્તિને સાર્થક કરતાં હોય તેમ આ ટીમે બે વર્ષની એકંદર રૂા.૭૦ લાખની આસપાસ ડોનેશન એકત્ર કર્યું અને અન્ય ભેટો તો અલગ, સલામ છે આવા જીવદયા પ્રેમીઓને આપણે પણ આ પરથી અનુકરણ કરી આપણા પરિવારના સ્મરણીય પ્રસંગો એ પાંજરાપોળમાં ફૂલ નહીં ફૂલની પાંખડી સ્વરૂપે દાન લખાવી અને પાંજરાપોળને ઉપયોગી થઈએ અને જીવદયાનું પુણ્ય કમાવીએ.

દાન ભંડોળ આપવા સંપર્ક જુગલ માણેકજી નાગડા-૯૯૭૮૦૦૨૭૭૨, લલિત કુંવરજી ખોના-૯૯૨૦૪૦૩૯૫૦, રાજેશ લખમશી મોતા-૯૯૧૩૧૧૫૧૩૦, ચેતન લહેરચંદ નાગડા-૯૮૨૦૧૦૫૦૭૮, જયંત શામજી મોતા-૯૯૮૭૭૮૬૦૬૩ અને શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ નલિયા મેનેજર ભાવેશ પરેશ મૈશેરી-૯૭૧૨૦૭૧૯૪૯, ૭૩૫૯૭૭૧૯૪૯, લેન્ડ લાઈન : ૦૨૮૩૧-૨૨૨૩૩૭.

---

# તા.૧૩મી જુલાઈએ મહાકાલી પૂજન અને ગુરૂપૂર્ણિમા ઉત્સવ

પ.પૂ.યતિ મોતીસાગરજી મહારાજ સાહેબ દ્વારા આયોજિત અનંતનાથ જિનાલય-મસ્જિદબંદર ખાતે ગુરૂપૂર્ણિમા નિમિત્તે બુધવાર તા.૧૩ જુલાઈના અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાળી માતાજીનું પૂજન કરવામાં આવશે. બપોરે ૨ થી ૫ વાગ્યે. હંસકુમાર મૈશેરી, મનરાજા અને સાથી કલાકારો દ્વારા ભક્તિ સંગીતનો કાર્યક્રમ યોજાયો છે. પ.પૂ.સાધ્વીશ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા. ચાતુર્માસ બિરાજે છે. પ.પૂ. શ્રી મોતીસાગરજી મ.સા. ૧૩ જુલાઈને બુધવારે સવારે ૧૧.૧૫ વાગ્યે માંગલિક આશીર્વાદ આપશે.

# સિનિયર સિટીઝન અને પરિપત્ર વિતરકોનો મેડાવો યોજાયો



એક દિવસ આનંદનો વીત્યો સૌ વરિષ્ઠજનોનો કોરોના કાળમાં સહુ પોતપોતાના ઘરે પુરાઈ ગયા પણ સમય તો પાણીની જેમ સરતો રહે એટલે જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા એ ફરી પાછા ભેગા થવાના દિવસો આવી ગયા. કચ્છી દશા ઓસવાલ મંડળને સહુ પ્રથમ વિચાર આવ્યો મોજીલા માવતરોને અને નિઃસ્વાર્થ ભાવે સેવા આપતા વિતરક ભાઈ બહેનોને મળવાનું. વિચાર વહેતો થયો કે તરત માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી-સુથરી-પુના હસ્તે સંજયભાઈનો સહયોગ મળ્યો. વડીલોના આશીર્વાદ રૂપે નામો આવતા થયા. સિનિયર સિટીઝન, પરિપત્ર વિતરકો અને મંડળના સભ્યો મળીને ૨૬૫ જેટલા જણ એકત્રિત થયા. ડોંબિવલી ઈસ્ટમાં આવેલા ઠાકુર હોલમાં ચેતના હરિયાએ લાજવાબ અંતાક્ષરી કાર્યક્રમથી વડીલોને ખૂબ જ મજા કરાવી..જેમા ચાર ગ્રુપને ઈનામ આપવામાં આવેલ. સાથે સાથે નાના મોટા સહુએ આનંદની પળો માણી. અનંતનાથ ટ્રસ્ટ તથા શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ તરફથી સેવ હાર્ટ સ્કીમ વિશે ડોંબિવલી વાસીઓને શ્રી ભરતભાઈ જીવાણીએ માહિતી આપીને લાભ લેવા માટે પ્રેરિત કર્યા. અ.સૌ. સ્મિતાબેન રાયચંદ જીવાણી જખૌ-ડોંબિવલી તરફથી રૂપિયા દસનો સંઘપૂજન કરવામાં આવેલ. શ્રી કુલીનકાંત પદમશી પીર-સુથરી-ડોંબિવલી તરફથી એ.એસ.જી. હોસ્પિટલમાં આંખની મફત તપાસણી કરવા માટેના પાસનું વિતરણ કરવામાં આવેલ..નલિયા મિત્ર મંડળ તરફથી ચૈત્ય પરિપાટી માટે એક લકી ડ્રો કાઢવામાં આવેલ. જેમાં લક્ષ્મીચંદ ખેતશી મોતા-રાપર વાળાને યાત્રા કરવાનો અવસર પ્રાપ્ત થયેલ છે.



આ કાર્યક્રમના લાભાર્થી માતુશ્રી નવલબેન નવિનચંદ્ર ધરમશી વતી શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા તથા અ.સૌ.છાયાબેન વિરેન્દ્ર લોડાયાનું પૂષ્પગુચ્છ આપીને બહુમાન કરવામાં આવેલ. સાથે ખૂબ ગમતભરી ફંતાક્ષરી રમાડવા બદલ ચેતનાબેન હરિયાનું પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવેલ. અંતાક્ષરી રમાડતા રમાડતા ચેતનાબેન હરિયા દ્વારા પ્રેક્ષકોને કહેવામાં આવેલ ગીતો જે જે લોકોએ ગાયા એમને શ્રી ક.દ.ઓ.મંડળ તરફથી ૫૦ રુપિયા ઇનામ આપવામાં આવેલ. પરિપત્ર વિતરણ કરતા ભાઈ બહેનોનું એમને ભેટ આપીને સન્માન કરવામાં આવ્યું. રૂષભ કેટર્સ વાળા શર્મિલ દેઢિયાએ મનભાવન ભોજન પીરસ્યા. રમવાની તથા જમવાની મજા માણીને ફરી પાછા જલ્દી મળીએ એવી ભાવના સાથે સહુ છુટા પડ્યા.

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળના પદાધિકારીઓ, કારોબારી સભ્યો તેમજ સિનિયર સિટીઝન સમિતિ ના સભ્યો શ્રીમતી પ્રિયાબેન દેવેન્દ્ર મોમાયા શ્રી જવેરચંદ કેશવજી લોડાયા શ્રી ભરત પાસુભાઈ લોડાયા શ્રીમતી નિર્મલાબેન ભરત લોડાયા શ્રીમતી લતાબેન શાંતિલાલ નાગડા સહુનો સુંદર સાથ મળ્યો.

# મૃત્યુ ને સમજો અને તમારી જાતને મુક્ત કરો!

ક્રિસ્ટલ મેજિકની સ્થાપના ૨૦૧૯ માં 'વધુ અને વધુ જીવનને સ્પર્શ કરવા અને પરિવર્તન કરવા' ના સૂત્ર સાથે કરવામાં આવી હતી. ત્યારથી તેઓ વોટ્સએપ દ્વારા વિવિધ ઉપચાર પદ્ધતિઓ, ક્રિસ્ટલ પરામર્શ, સ્વ-હીલિંગ અને આધ્યાત્મિક વૃદ્ધિ વર્કશોપ, ઘર અને ઓફિસને શક્તિ આપનારી પ્રક્રિયાઓ અને અન્ય ઘણા બધા દ્વારા તેના સૂત્રને જાળવી રાખ્યું છે. ઘણા લોકોને વૈકલ્પિક ઉપચાર વિશે કોઈ ખ્યાલ નથી. બિમારીઓ, સંબંધોની સમસ્યાઓ, ડર, જીવન સંબંધી પ્રશ્નોના જવાબો શોધી રહ્યા છે, તેમને ઉપચાર બાબતે ચમત્કારોની દુનિયા બતાવવામાં આવી છે.

દિપલ દંડ એક પ્રમાણિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. પરંતુ નિયતિમાં કંઈ અલગ જ લખાયેલું હતું, જેથી પ્રસૂતિ રજા દરમિયાન રેકી સાથે જોડાયા અને એ પછી પાછું વળીને જોયું નહીં અને સુંદર આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ અને **Crystal Magic** નો પાયો નાખ્યો તથા **Reiki level two, Crystal theta healing, Angel guidance, Access consciousness bars and Pranic healing** શીખ્યા. આ ઉપરાંત તેણીને ઘણાં આધ્યાત્મિક પુસ્તકો વાંચવા માટે માર્ગદર્શન મળ્યું વોટસએપ દ્વારા નીચે મુજબના **self- healing and spiritual growth workshops** શરૂ કર્યા.

1. Angel Guidance Workshop : Learn the simple, yet beautiful art of invoking angels and taking their help in resolving financial, emotional, physical, mental, and spiritual issues.
2. Angel Guidance Workshop with special reference to Weight Loss
3. Angel Guidance Workshop with special reference to Diabetes
4. Angel Guidance Workshop with special reference to High Blood Pressure
5. 18 Days Prayer Workshop
6. 21 Days Forgiveness and Blessing Challenge
7. Seven Chakra with do-it-yourself healing workshop
8. Affirmations workshop
9. Relationships and Emotional Healing Workshop
10. Om NamahShivay Chanting
11. Finding true inner Happiness!

For details of these workshops kindly visit https://crystalmagic.in/workshops/

**આ વર્કશોપની વિગતો માટે કૃપા કરીને મુલાકાત લો**

https://crystalmagic.in/workshops/

દિપલ દંડ હવે સમયના સૌથી બાધિત વિષયોમાંથી એક વિષય **'મૃત્યુ'** માટે આધ્યાત્મિક રીતે માર્ગદર્શન આપે છે. આ વિષય સાથે ઘણી બધી અજ્ઞાનતા, ડર અને ખોટી માન્યતાઓ જોડાયેલી છે. આ અજ્ઞાનતા ઘણા અનિચ્છનીય કર્મના પરિણામો લાવી શકે છે. મૃત્યુને જાણવું અને સમજવું એ માત્ર મૃત્યુના ડરથી અને મૃત્યુ પછી શું થશે? તેમાંથી મુક્તિ મેળવી શકાય છે, પરંતુ પ્રિયજનોના મૃત્યુ (ખાસ કરીને અકાળે અથવા અચાનક મૃત્યુ) સાથે વ્યવહાર કરવામાં અને આપણા જીવનમાં ધરમૂળથી ફેરફાર કરવામાં પણ મદદ કરી શકાય છે. મૃત્યુ માટે કેવી રીતે તૈયારી કરવી તે જાણો. હા! જો તમે તમારા જીવન અને મૃત્યુને સુંદર અનુભવમાં ફેરવવા માંગતા હોવ તો તમારે મૃત્યુ માટે તૈયારી કરવાની જરૂર છે!

જીવનમાં જેટલા વહેલા તમે આ રહસ્યો વિશે જાણશો, તમારૂં જીવન, મૃત્યુ અને મૃત્યુ પછીનું જીવન વધુ સુંદર બનાવવા સમજીને તમારી જાતને મુક્ત કરો.

Join Dipal Dand for a live zoom session on

**DEATH : UNDERSTAND IT AND SET YOURSELF FREE.**

**On Sunday 17th July, 2022 at 11 a.m.**

For more details contact : Crystal Magic - Dipal Dand - 9867120640

https://crystalmagic.in/

https://crystalmagic.in/testimonials/

# સમસ્ત મહાજનની સિનિયર સિટીઝન માટેની સ્વાભિમાન સમિતિની ટીમ કન્વીનર હંસકુમાર બી. ખીમજી સાથે મળી વિચાર વિમર્શ કર્યો

તા.૩ જુલાઈ રવિવારના રોજ સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની સિનિયર સિટીઝનોની યોજનાઓ માટેની સ્વાભિમાન સમિતિની ટીમ સમિતિના કન્વીનર હંસકુમાર બી.ખીમજીના ઘરે જઈ રૂબરૂ મુલાકાત કરી સમિતિના આગામી સ્કીમ-પ્રોજેક્ટ વિષે વિશદ રીતે વિચાર વિમર્શ કર્યો હતો.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ભાલચંદ્ર ધરમશી**
તા.૩ જુલાઈ (ઉ.૮૧)
વાશી-સુથરી



**દિનેશ ખોના**
તા.૩ જુલાઈ (ઉ.૭૨)
ગોરખડી-ડોંબિવલી



**દીપક લોડાયા**
તા.૩ જુલાઈ (ઉ.૫૯)
સાંયરા-મુલુંડ



**જગતસિંહ લોડાયા**
તા.૩ જુલાઈ (ઉ.૯૦)
કોઠારા-ઘાટકોપર



**નીતા છેડા**
તા.૭ જુલાઈ (ઉ.૭૯)
વારાપધર-મુલુંડ



**મણીલાલ દંડ**
તા.૭ જુલાઈ (ઉ.૭૮)
રેલડીયા-ભાંડુપ



**મણીલાલ છેડા**
તા.૭ જુલાઈ (ઉ.૭૮)
નલિયા-ગદગ



**મધુરી છેડા**
તા.૮ જુલાઈ (ઉ.૭૧)
નલિયા-વાપી



**નરશી પાલાણી**
તા.૩ જુલાઈ (ઉ.૯૪)
કોઠારા-બોરીવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# નલિયામાં કે.ડી.ઓ. પ્રીમિયર લીગમાં મુંબઈ ઈલેવન વિજેતા

ફ્રેન્ડસ ગ્રુપ નલિયા દ્વારા શેઠ નરશી નાથા કપ-૨૦૨૨ કે.ડી.ઓ.પ્રીમિયર લીગનું આયોજન નલિયામાં ઈદગોર ક્રિકેટ ગ્રાઉન્ડ પુનરાઈ તળાવ પાસે તા.૨૫ જૂન શનિવારે કરાયું હતું. મુંબઈ, અમદાવાદ, ગાંધીધામ, ભુજ વગેરે ગામમાંથી ટીમોએ ભાગ લીધો હતો.



ફાઈનલ મેચ શિવમ લોજિસ્ટિક (ગાંધીધામ) તથા મુંબઈ ઈલેવન (ઘાટકોપર) વચ્ચે રમાઈ હતી, જેમાં મુંબઈ ઈલેવન વિજેતા થઈ હતી.

મૂલચંદ મોતા, લહેરચંદ ખોના, પ્રબોધ મુનવર, મુકેશ દંડ, અનિલ નાગડા, મહેશ નાગડા અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. કોમેન્ટેટર તરીકે રુચિન ઠક્કર, બિપિન લુઢિયા તથા સ્કોરર તરીકે કિશન જાડેજા, વિરાજ જાડેજા, રાજુ સોલંકી, મેહુલ દરાડ, દીપસિંહ જાડેજા તથા અમ્પાયર તરીકે ધર્મેન્દ્ર સોલંકી, સિકંદર પરમાર, ઈકબાલ ભૂકેરા, મયંક ચાવડા, હનીફછા બાવાએ સેવા આપી હતી. ફ્રેન્ડસ ગ્રુપના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ ભગવંતો સોનગઢ રત્નાશ્રમમાં પધાર્યા





અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ ભગવંતો તા.૪ જુલાઈને સોમવારના સોનગઢના રત્નાશ્રમમાં પધાર્યા. બેન્ડ વાજાની સુરાવલી તાલે તેમજ વિદ્યાર્થીઓ રચિત ભવ્ય અને રમ્ય રંગોળી રચી ગુરૂ પ્રત્યે પોતાનો પ્રેમ અને આદર ભાવ દર્શાવી સુણો ગુરૂજી અમારો અંતરનાદ અમને આપો આશીર્વાદના ગગનભેદીનારા લગાવી ૪૦૦થી વધુ છાત્રાલયના બાળકો એ ધર્મમય વાતાવરણ બનાવેલ હતો. પૂજ્યશ્રી સાહેબના પુનિત પગલા રત્નાશ્રમમાં થયાં જે લીધે વિદ્યાર્થી બાળકો હર્ષોલ્લાસ ભાવમાં મહાલતા હતા.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ કુંદરોડીની હાલે મુંબઈ વરલીની ૧૦ વર્ષીય રિધમ હર્ષલ લાખણિયા માઉન્ટ એવરેસ્ટના બેઝ કેમ્પ સુધી ચઢાણ કરનારી ભારતની સૌથી નાની વયની પર્વતારોહી બની છે. કોઈપણ જાતની ઔપચારિક તાલીમ વિના જ રિધમે ૫૩૦૪ મીટરની ઊંચાઈએ આવેલા બેઝ કેમ્પ સુધી પહોંચવાનું પરાક્રમ કર્યું છે. પર્વતારોહણનો શોખ ધરાવતી કચ્છીબાળા ૫૩૬૪ મીટરની ઊંચાઈ સુધી પહોંચવામાં ઓછા ઓક્સિજનના જોખમો ઉબકા, પગમાં ફોલ્લા જેવી પરેશાની તેને રોકી શક્યા ન હતા. બાંદરા ગેટ ઋષિકૂળ વિદ્યાલયની પાંચમાં ધોરણની આ વિદ્યાર્થીની પોતાની માતા ઉર્મિબેન અને પિતા હર્ષલભાઈ સાથે બપોરે એક વાગે એવરેસ્ટ બેઝ કેમ્પ (ઈસીબી) પહોંચી હતી તેણી રાષ્ટ્રીય કક્ષાની સ્કેટર છે.

● ઈન્ડિયન પોસ્ટ વિભાગ દ્વારા ડ્રોન દ્વારા પોસ્ટની પાર્સલ સેવાની ડિલેવરીનું ટેસ્ટિંગ આખા દેશમાં ત્રણ સ્થળે હાથ ધરાયું હતું. જેમાં કચ્છ જિલ્લો એક હતો. કેન્દ્રના સંદેશ વ્યવહાર મંત્રાલયના માર્ગદર્શન હેઠળ રાજકોટના આસિસ્ટન્ટ ડાયરેક્ટર તેમજ દિલ્હીથી આવેલા ચાર નિષ્ણાત અધિકારીઓની ટીમે હબાયથી નેર બંધડી સુધી ડ્રોન મારફતે એક પાર્સલ ગંતવ્ય સ્થાને પહોંચાડવાનું સફળ પરીક્ષણ કર્યું હતું. ડ્રોનથી ડિલેવરી કોર્મશિયલ સહિતની દ્રષ્ટિએ કેટલી પરવડી શકે તેની શક્યતાઓ ચકાસવાના ઉદ્દેશથી આ ટેસ્ટિંગ લગભગ ૨૨ મિનિટમાં અદ્યતન ડ્રોન પાર્સલ ડિલેવરી મુકરર જગાએ કરી દીધી હતી.

● મુંદરા બારોઈ નગરપાલિકા દ્વારા અદાણી ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી આઝાદ ચોક ખાતે રૂા.૧.૧૦ કરોડની ખર્ચે બનનારી નવી શાક માર્કેટનું ભૂમિપૂજન માંડવી મુંદરાના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે કરાયું. આ શાક માર્કેટમાં ૨૪૫ સ્ટોલ હશે. આ શાક માર્કેટ બની જતાં ૩૫-૪૦ વર્ષ જૂનો ટ્રાફિકનો પ્રશ્ન પણ હલ થશે.

● અફાટ રણ વચાળે આવેલા ખડીર બેટના છેલ્લા ગામ અને પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃતિના અવશેષો સચવાયેલા છે તે હડપ્પન નગર ધોળાવીરાને વિશ્વ ધરોહરનો દરજ્જો મળ્યો તેને એક વર્ષ પૂરું થયું પણ માત્ર એક્સપ્રેસ રૂટની બસ શરૂ થવા સિવાય કોઈ કામગીરી થઈ નથી અને બસનો સમય ફરી જતા તે પણ પ્રવાસીઓને અનુકુળ ન હોવાની રાવ ઉઠી છે. યુનેસ્કો દ્વારા માન્ય ભારતની ૪૦મી વિશ્વ ધરોહર જાહેર થઈ છે. ચારે તરફ રણ વચ્ચે આવેલા ખડીર બેટના છેલ્લા ગામમાં બેન્ક, પોસ્ટ ઓફિસ, પેટ્રોલ પંપ, એ.ટી.એમ.સહિતની કોઈ પ્રવાસીઓને અનુકુળ સુવિધાઓની યોજના પણ જાહેર થઈ નથી.

● ગુજરાતની પ્રથમ ક્ષેત્રની ગણાતી અંજારની નંદીશાળાની ૨૫ ઓગસ્ટ ૨૦૧૯ના સ્થાપના કરાઈ છે. તરછોડાયેલા નંદીઓનો આ નંદી શાળામાં નિભાવ થઈ રહ્યો છે. સંવેદના ગ્રુપ દ્વારા આ નંદી શાળામાં વિશાળ ડોમ હાઉસમાં નંદીઓને રાખવામાં આવ્યા છે. ભાવિકો દ્વારા દરરોજ સફાઈ કરીને ઘાસચારો આપવામાં આવે છે. હાલમાં નાના મોટા ૬૦૦ નંદીઓ આશ્રય લઈ રહ્યાં છે. વાતાવરણ સંગીતમય રહે તે માટે સતત સંગીત પીરસવામાં આવે છે. બીમાર, અશક્ત ગોવંશની તબીબ દ્વારા સારવાર કરાય છે. પરિસરમાં એક નંદી મંદિર બનાવાયું છે. જ્યાં જીવંત નંદીનું સવાર સાંજ પૂજન અર્ચન કરવામાં આવે છે.

● અબડાસાના કોઠારા ગામે અડધી સદીથી વધુ સમય પૂર્વે કાર્યરત વ.ક.નાથા છાત્રાલય વિદ્યાર્થીઓના ઉપયોગ માટે કાર્યરત કરવા માંગ ઊઠી છે. જ્યારે માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધ્યો ન હતો ત્યારે કોઠારા આસપાસના ગામના વિદ્યાર્થી ઓ અહીં રહી જી.ટી.હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. કોઠારાએ સમય તાલુકામાં શિક્ષણનું કાશી બની ગયું હતું. વર્તમાનમાં અબડાસામાં એકમાત્ર કોઠારામાં ૧૦ થી ૧૨ વિદ્યાન પ્રવાહનું શિક્ષણ શરૂ થઈ ગયો છે. ત્યારે દૂરથી અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને સગવડ થાય એ માટે હોસ્ટેલ શરૂ કરવાની માંગ છે.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

PRESENTS



# RHD UNNATI LOAN INTEREST FREE

Now Expand & Secure Your Business with Quick & Hassle free Business Loans

**LAUNCH DATE : 4TH JULY 2022**

Minimum ₹ **50000** and
Maximum upto ₹ **5 Lakhs**

ROI 9.5% p.a. will be borne by the trust.

Processing Fee of 1% on the loan amount will be borne by the trust.

The borrower will only have to pay the monthly EMI timely

In Association with

ACBL Estd 1984
ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

FOR ANY FURTHER DETAILS REQUEST YOU TO PLEASE CONTACT ANY OF THE BELOW MENTIONED BRANCHES

| | | | | |
|---|---|---|---|---|
| **MASJID BUNDER** 86526 30384 | **MATUNGA (CR)** 86526 30389 | **GHATKOPAR** 86526 30383 | **BHANDUP** 86526 30381 | **MULUND** 86526 30382 |
| **THANE** 86526 30388 | **DOMBIVALI** 86526 30386 | **BORIVALI** 86526 30390 | **MOHILI VILLAGE** 86526 30385 | **VASHI** 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)